Seat No. : _______________

# NA-103

**November-2025**

**B.A., Sem.-V**

**CC-302 : Gujarati**

**(ભાષાવિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) **બધા** જ પ્રશ્નોના ગુણ સરખા છે.
(2) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

1. ભાષાની વ્યાખ્યાઓને આધારે તેના લક્ષણોની ચર્ચા કરો. **14**

**અથવા**

1. ટૂંકનોંધ લખો :
   (1) ભાષાનું માનવવ્યવહારમાં સ્થાન **07**
   (2) ભાષાના મુખ્ય કાર્યો **07**

2. ભાષાના ઉચ્ચારણ પ્રક્રિયામાં ભાગ ભજવતા વાક અવયવોનું સ્થાન સ્પષ્ટ કરી તેનું કાર્ય સમજાવો. **14**

**અથવા**

2. ટૂંકનોંધ લખો :
   (1) માન્ય ગુજરાતીના સ્પર્શ વ્યંજનો જણાવો. **07**
   (2) ભાષા વ્યવસ્થાના વિવિધ સ્તરો વિશે નોંધ લખો. **07**

3. માન્ય ભાષા અને બોલી વચ્ચેનો ભેદ જણાવીને દક્ષિણ ગુજરાતની સૂરતી બોલી વિશે નોંધ લખો. **14**

**અથવા**

3. ટૂંકનોંધ લખો :
   (1) ગુજરાતની પ્રાદેશિક બોલીઓ વિશે નોંધ લખો. **07**
   (2) મધ્ય ગુજરાતની ચરોતરી બોલી. **07**

4. ભારત-યુરોપીયથી ભારતીય આર્ય સુધીનો પરિચય આપી, ભારતના ભાષાકુળો વિગતે સમજાવો. **14**

**અથવા**

4. ટૂંકનોંધ લખો :
   (1) સંયુક્ત વ્યંજનોનો લોપ અને પૂર્વસ્વર દીઘર્ત્વ **07**
   (2) 'અઈ-અય' તથા 'અઈ-અઉ'નું પરિવર્તન **07**

5. યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપો : (ગમે તે **સાત** લખો) **14**

(1) 'કોઈપણ માનવસમાજ જોડાયેલો કે સંધાયેલો રહે છે તે ભાષાને કારણે એમ અવશ્ય કહી શકાય.' – પ્રસ્તુત વિધાન __________ ભાષાવિચારકનું છે.

(a) જયંત કોઠારી (b) રોબર્ટ હોલ (c) સપિર

(2) માનવભાષાના સંકેતો __________ હોય છે.

(a) ચિત્રાત્મક (b) અભિવ્યંજનાત્મક (c) બિનસાહજિક

(3) 'ભાષા એટલે સ્વૈચ્છિક રીતે ઉપજાવેલા સંકેતો દ્વારા વિચારો, લાગણીઓ અને એષણાઓનું સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પદ્ધતિ.' – પ્રસ્તુત વ્યાખ્યા _____ ભાષાવિચારકની છે.

(a) સપિર (b) ગ્રે (c) કેરલ

(4) નાદતંત્રી વચ્ચે થોડી જગ્યા રહે અને નાદતંત્રીઓ કંપે તે સાથે હવા તે સ્થાને ઘસાય કે ખળભળે ત્યારે જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તેને _________ કહેવામાં આવે છે.

(a) ફુસફુસાહટ (b) મર્મર (c) સૂર

(5) ધ્વનિના ઉચ્ચારણ સમયે મુખપથમાંથી હવાનો જથ્થો વધુ પ્રમાણમાં બહાર આવતો હોય ને ઉચ્ચારાતા ધ્વનિઓને __________ કહે છે.

(a) મહાપ્રાણ (b) અલ્પપ્રાણ (c) અઘોષ

(6) નીચેનામાંથી __________ ધ્વનિ અઘોષ-અલ્પપ્રાણ છે.

(a) પ (b) ઝ (c) ઘ

(7) નીચલા મધ્યમ વર્ગનું ભાષાસ્વરૂપ, નાના કસ્બાઓનાં બજારોનું ભાષાસ્વરૂપ __________ નું ઉદાહરણ છે.

(a) સ્થાનિક બોલી (b) બોલચાલની માન્ય ભાષા (c) ઉપશિષ્ટ

(8) 'ચ્યમ', 'જ્યો', 'છેતર' એ __________ પ્રદેશની બોલીનું લક્ષણ છે.

(a) સૌરાષ્ટ્રી બોલી (b) સુરતી બોલી (c) પટ્ટણી બોલી

(9) પોયરો, આ ફા, અગાડી – વગેરે શબ્દો __________ પ્રદેશની બોલીનું લક્ષણ છે.

(a) ચરોતરી બોલી (b) સુરતી બોલી (c) સૌરાષ્ટ્રી બોલી

(10) ગુજરાતી ભાષાની 'પહેલી ભૂમિકા' ને કેશવ હ. ધ્રુવ એ __________ નામથી ઓળખાવી છે.

(a) અંતિમ અપભ્રંશ (b) પ્રાચીન ગુજરાતી (c) મારુ ગુર્જર

(11) પાલી, પ્રાકૃતો, અપભ્રંશ વગેરે ભાષાના નમૂનાઓ __________ સમયમાં મળે છે.

(a) ઈ.સ.પૂ. 500 થી ઈ.સ. 1000

(b) ઈ.સ.પૂ. 1500 થી ઈ.સ.પૂ. 500

(c) ઈ.સ. 1000 થી આજ સુધી

(12) 'પ'નો 'વ' ધ્વનિ પરિવર્તન મુજબ 'કૂપક' – 'કૂવઉ' તો __________ બને છે.

(a) કૂવો (b) દીવો (c) વાવ